**ડાયરેક્ટ ❤ સે**

અમુક કિસ્સા જ
ખત્મ કરી દીધા
જ્યાં ભૂલ નહોતી
ત્યાં પણ હાથ જોડી લીધા

## જન્મદિને વધામણી



બાબુલાલ જે સુથાર
ફોન : ૨૩૨૬૦૩૦૨
મો. ૯૮૨૫૩ ૬૦૮૨૩



ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# બાળશિક્ષણમાં માતાના યોગદાન વિષયે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વક્તવ્ય



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બાળશિક્ષણમાં માતાના યોગદાન વિષયે એક વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનુપમા વૈદ્ય તથા સ્કૂલનાં આચાર્ય સંગીતાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે ઉપસ્થિત મહિલાઓને ચાઈલ્ડ ઍજ્યુકેશનમાં તેમનું કેટલું અને કેવું યોગદાન રહેલું છે તે અંગેની વિગતો આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહિલાઓ માટે રાખડી બનાવવાની એક સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે તાલુકા વન મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૬

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં તાલુકા કક્ષાના વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું જેનું સંયુક્ત આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ તથા ઊર્જા રેન્જ ગાંધીનગર વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર જીલ્લાના મામલતદાર જોશી, મદદનીશ વન સંરક્ષક બી. આર. પાંડવ, એલ. ડી. વાઘેલા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી. એસ. રાજપૂત, સાદરા ગામના સરપંચ ધર્મેન્દ્રભાઈ દેસાઈ, ડૉ. કનુભાઈ નાયક, ગૌ-સંવર્ધન કેન્દ્રના સંયોજક રમેશભાઈ પટેલ અને સંસ્થાના ડીન તથા વિભાગીય વડા પ્રો. જમનાદાસ સાવલિયા હાજર રહ્યા હતા.

સ્વાગત પ્રવચન સંસ્થાના ડીન અને વિભાગીય વડા પ્રો. જમનાદાસ સાવલિયાએ આપ્યું હતું જયારે ગૌ-સંવર્ધન કેન્દ્રના સંયોજક રમેશભાઈ પટેલ પર્યાવરણને લગતી જરૂરી માહિતી આપી હતી. મુખ્ય વક્તા તરીકે મદદનીશ વન સંરક્ષક બી. આર. પાંડવે જંગલ અને વૃક્ષોનાં મહત્વ વિષયે પ્રકાશ પાડ્યો હતો.

કાર્યક્રમ આયોજનમાં ઊર્જા રેન્જ, ગાંધીનગર વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી. એસ. રાજપૂત અને અમિતભાઈ ચૌધરીની વિશેષ ભૂમિકા હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને કાર્યક્રમની આભાર વિધિ ડૉ. અરવિંદ રામીએ કરી હતી આ કાર્યક્રમના આયોજનમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના બધા જ વિદ્યાર્થીઓએ અને ખાસ કરીને રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા. ૬

શ્રી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૬ની ૬૦ વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં જૈન આરાદના કેન્દ્રની મુલાકાત લીધી હતી. અહીં તેમણે જૈન સ્મૃતિગ્રંથ, સંગ્રહાલય, આદિનાથ પ્રભુ જીનાલય, ભોજપત્રો, તામ્રપત્રો, શિલાલેખ, વિવિધ પ્રાચીન લિપિઓ, જૈન ધર્મનાં પુસ્તકો નિહાળ્યાં હતાં. મુલાકાતનું આયોજન શિક્ષક સરિતાબેન ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીનીઓએ સૅક્ટર-૧૬ની અંધ શાળાની પણ મુલાકાત લીધી હતી અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક વાર્તાલાપ કરી, વર્ગખંડ, કૉમ્પ્યુટર વ્યવસ્થાને નિહાળી હતી. શિક્ષક પ્રવીણભાઈ પટેલે આ મુલાકાતનું આયોજન કર્યું હતું, આચાર્ય નીરૂબેન પટેલે મુલાકાત માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે

# સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા 'કિપ સ્માઈલિંગ' કાર્યક્રમ યોજાયો



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા શુક્રવારે 'કિપ સ્માઈલિંગ' કાર્યક્રમ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સૅક્ટર-૧૯ ખાતે યોજવામાં આવ્યો હતો. ગૃપના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓ વચ્ચે પહોંચી આનંદદાયક વાતાવરણ ઊભું કર્યું હતું અને બાળકો સાથે બાળક બનીને આનંદ માણ્યો ને અર્પણ કર્યો હતો. સાથે જ બીજો ઉપક્રમ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અધ્યાપક સમીરભાઈ પંડ્યાએ પોતાના જન્મદિવસની ઉજવણી ચિલ્ડ્રન હોમના બાળકો સાથે કરી હતી. તેમણે બાળકોને શિક્ષણ સામગ્રી અર્પણ કરીને પોતાના જન્મદિવસની ઉજવણીને સાર્થક કરી બતાવી હતી. આ કાર્યક્રમનું આયોજન સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થી સુરજ મુંજાણી, વિજેન્દ્ર દેવડા, તેજસ કોઈસા, ગુંજન પનારા, તૃષ્ણા પ્રજાપતિ, ચિરાગ પટેલ, મુદિત અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ગૃપ દ્વારા 'કિપ સ્માઈલિંગ' પ્રવૃત્તિ છેલ્લાં બે વર્ષથી સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ દુખી કે પીડિત વ્યક્તિઓને ખુશી અર્પણ કરી તેમના ચહેરા પર સ્મિત લાવવાનો છે.

# આરાધના વિદ્યાવિહારમાં નર્મદા મહોત્સવ નિમિત્તે કાવ્ય-ગીત સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં નર્મદા મહોત્સવની ઉજવણી અર્થે આરાધના વિદ્યાવિહાર ખાતે નિબંધ-વક્તૃત્વ, સૂત્ર, કાવ્ય, ગીત જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરની વિવિધ શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાવ્ય સ્પર્ધામાં અ વિભાગમાં આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થી સાહિલભાઈ વિરમભાઈ દેસાઈ, બ વિભાગમાં સી એમ હાઈસ્કૂલનાં વિદ્યાર્થીની ધૃવી મનીષભાઈ પાથર પ્રથમ ક્રમે વિજેતા નીવડ્યાં હતાં.

ગીત સ્પર્ધામાં અ વિભાગમાં સ્વામી યોગાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીની નિલોફર એસ શેખ, બ વિભાગમાં શેઠ સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થીની ખુશી શંભુભાઈ જરૂ વિજેતા બન્યાં હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કમલેશભાઈ કે પરમાર અને અરવિંદભાઈ પી પટેલે પોતાની સેવાઓ આપી હતી. ટ્રસ્ટી રમણભાઈ તથા આચાર્ય વી ડી પટેલે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા શારદા ટ્રસ્ટ, પ્રાંતિયામાં માનસિક વિશિષ્ટ બાળકો સાથે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને તેમને ટી-શર્ટ અને નાસ્તો આપવામાં આવ્યો હતો, જેનાથી બાળકો ખૂબ રાજી થયાં હતાં. આ ઉપરાંત સંસ્થાનાં સભ્યો દ્વારા સિંગરવાના વૃધ્ધાશ્રમ ખાતે વડીલો સાથે સમય પસાર કરવામાં આવ્યો હતો અને તેમને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. ભોજન માટેનું સૌજન્ય પૂર્વ પ્રમુખ ભાવનાબેન પટેલ અને ટી-શર્ટ, નાસ્તા માટેનું સૌજન્ય મીત્તલબેન રાણા અને વિજુબેન ગુપ્તે તરફથી આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયોનેસ ક્લબ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાણી, સૅક્રેટરી નીતાબેન રાણા, પૂર્વ પ્રમુખ વર્ષાબેન ઠક્કર, અંજલીબેન ભટ્ટ અને મોટી સંખ્યામાં સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ફિઝિયો-નર્સિંગની મેનેજમેન્ટ ક્વોટાની ૧૫૦૦ બેઠકો માટે ૧૦મીથી કાર્યવાહી

ગાંધીનગર, તા. ૬

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે પેરા મેડિકલમાં પ્રવેશ માટે આગામી તા.૧૪મીથી બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવશે. બીજીબાજુ પેરા મેડિકલ કોલેજના સંચાલકોએ હાઈકોર્ટમાંથી મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પોતાની રીતે ભરવા માટે માંગેલી મંજૂરી આપી દેવામાં આવી છે. જેના કારણે હવે આયુર્વેદ-હોમિયોપથી માટે તા. ૯મી તથા ફિઝિયો-નર્સિંગ માટે ૧૦મીએ જાહેરાત આપીને વિદ્યાર્થીઓએ પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. દરેક સ્વનિર્ભર પેરા મેડિકલની કોલેજો પોતાની રીતે અલગ અલગ જાહેરાત આપશે. જો કે, પ્રવેશ પ્રક્રિયા કોન્સોર્ટિયમ બનાવીને પ્રવેશ પ્રક્રિયા હાથ ધરશે.

હોમિયોપેથી, આયુર્વેદ અને ફિઝિયોથેરાપી-નર્સિંગ એમ, ચારેય કોર્સની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે અલગથી કાર્યવાહી કરવામાં આવશે. સ્વનિર્ભર ફિઝિયોથેરાપીની બાવન કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની ૮૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આ જ રીતે સ્વનિર્ભર નર્સિંગમાં પણ બાવન કોલેજોમાં ૭૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો માટે આગામી તા.૧૦મીએ જાહેરાત આપીને વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. સૂત્રો કહે છે ફિઝિયોથેરાપી અને નર્સિંગની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે તા.૧૦મીએ જાહેરાત આપીને તા.૧૬મી સુધીમાં વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. જેના આધારે તા.૨૧મી ઓગસ્ટના રોજ મેરિટલિસ્ટ જાહેર કરાશે. મેરિટલિસ્ટ જાહેર કર્યા પછી દરેક વિદ્યાર્થીઓએ ઓફલાઈન સિસ્ટમથી અમદાવાદમાં રૂબરૂમાં પ્રવેશ પ્રક્રિયા માટે બોલાવવામાં આવશે. મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે દરેક પેરા મેડિકલ કોલેજમાં ફોર્મ વેચવામાં આવશે. હાલમાં સ્વનિર્ભર ફિઝિયોથેરાપીની મેનેજમેન્ટ ક્વોટાની બેઠક માટે ૧૦ હજાર રૂપિયા અને નર્સિંગની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ૫ હજાર રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે. ૨૧મીએ મેરિટલિસ્ટ જાહેર કર્યા પછી કઈ તારીખે કયા વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે આવવું તેનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. સૂત્રો કહે છે સ્વનિર્ભર આયુર્વેદ અને હોમિયોપેથીની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પણ તા.૯મીથી જ ફોર્મ વિતરણ કરવામાં આવશે.



બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર, સૅક્ટર-૨૭ દ્વારા ભજન મંડળ ચલાવતાં મહિલાઓને રક્ષાબંધનનું આધ્યાત્મિક મહત્ત્વ સમજાવીને તેમને રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા મહિલાઓને યોગ અને જીવન જીવવાની પધ્ધતિનું જ્ઞાન પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

# ડિગ્રી એન્જિનિયરિંગની ખાલી બેઠકો માટે ૧૨મીથી ઑફલાઈન રાઉન્ડ

ગાંધીનગર, તા. ૬

ડિગ્રી એન્જિનિયરિંગમાં હાલમાં ખાલી પડેલી અંદાજે ૩૨ હજાર બેઠકો માટે તા.૧૨મીથી ઓફલાઈન રાઉન્ડ શરૂ કરવામાં આવનાર છે. ઓફલાઈન માટે હાલ વિદ્યાર્થીઓને તા.૮મી સુધી ઓનલાઈન સંમતિ આપવાની સૂચના આપવામાં આવી છે. ઓફલાઈન રાઉન્ડ આગામી તા.૨૩મી ઓગસ્ટ સુધી ચાલશે. ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાનો રાઉન્ડ પૂરો થયા બાદ ખાલી પડનારી માત્ર સ્વનિર્ભર કોલેજો પર પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે તા.૧૦મીથી પીન વિતરણ અને રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

ડિગ્રી ઈજનેરીમાં હાલમાં ૩૨ હજારથી વધાર બેઠકો ખાલી છે. આ ખાલી બેઠકોમાં સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર કોલેજોની બેઠકોનો પણ સમાવેશ થાય છે. જે વિદ્યાર્થીઓ ખાલી પડેલી બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં હોય તેમને તા.૮મી સુધીમાં ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. તા.૧૦મીથી પીન વિતરણ શરૂ કરવામાં આ?વશે. તા.૧૦મીથી ૨૧મી સુધી પીન વિતરણ અને તા.૧૦મીથી ૨૨મી સુધી વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી તેની પ્રિન્ટ જે તે સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. જેના આધારે કોલેજોએ તા.૨૩મીએ પોતાની પાસે આવેલી અરજીઓના આધારે મેરિટલિસ્ટ તૈયાર કરવાનું રહેશે.

તા.૨૪મીએ ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ અને જે તે સ્વનિર્ભર કોલેજ ખાતે જાહેર કરવામાં આવશે. તા.૩૧મી ઓગસ્ટે જે તે સ્વનિર્ભર કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને મેરિટના આધારે પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. આ રાઉન્ડમાં પ્રવેશ સમિતિ દ્વારા કયા વિદ્યાર્થીઓને અગ્રતા આપવી તેની સૂચિકા પણ જાહેર કરવામાં આવી છે. જેમાં સૌથી પહેલા જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હોય અને મેરિટયાદીમાં સ્થાન મળ્યું હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરાશે.

ત્યારબાદ ધો.૧૨ની પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે પાસ કરી હોય અને નવુ રજિસ્ટ્રેશન કરાવ્યુ હોય અને ગુજકેટ પણ આપી હોય તેવાને તક અપાશે. જે વિદ્યાર્થીઓ ધો.૧૨ લઘુત્તમ લાયકાત સાથે પાસ કર્યુ હોય પરંતુ ગુજકેટ ન આપી હોય તેવા વિદ્યાર્થીઓને પણ આ રાઉન્ડમાં તક આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી નથી તેમને પણ ખાલી બેઠકોમાં તક આપવામાં આવશે. ઓફ લાઈન રાઉન્ડ પુરો થયા બાદ માત્ર સ્વનિર્ભર કોલેજોની ખાલી રહેલી બેઠકો માટે આ કાર્યવાહી કરવામાં આવશે.

# વિશિષ્ટ વિદ્યાર્થીનીઓ દ્વારા શિક્ષણ વિભાગના અધિકારીઓને રક્ષાનું બંધન



રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને આઈઈડીએસએસની દિવ્યાંગ વિદ્યાર્થીનીઓએ શિક્ષણ વિભાગના અધિકારીઓને રક્ષાબંધન કરી શિક્ષણ થકી રક્ષાની અપેક્ષા વ્યક્ત કરી હતી. નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર, શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની આઈઈડીએસએસની દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ અને વિશિષ્ટ શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના સંયુક્ત નિયામક ડી એસ પટેલ, રાજેન્દ્ર પંડ્યા તથા શિક્ષણ વિભાગના ઉપસચિવ પુરોહિતસાહેબ ઉપરાંત સૅક્શન ઑફિસર મહેશભાઈને આ વિશિષ્ટ વિદ્યાર્થીનીઓએ રક્ષાનું બંધન બાંધ્યું હતું. શિક્ષણ વિભાગનાં અગ્ર સચિવ સુનયના તોમર અને સંયુક્ત સચિવ પુજારાસાહેબ વિદ્યાર્થીનીઓને મળી શક્યા ન હોવાથી તેમની કચેરીએ રાખડીનું કવર સુપ્રત કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમનું આયોજન પ્રશિક્ષક જિજ્ઞેશરાવલ, વિશ્વાસ મિસ્ત્રી, રમેશભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ અધિકારીઓ દિવ્યાંગ બાળકીઓની આ અનોખી પહેલ જોઈને રાજી થયા હતા અને તેમણે વિદ્યાર્થીઓને ન માત્ર હેતપૂર્વક આવકારી હતી, પરંતુ તેમના હસ્તે રાખડી બંધાવી તેમને આશિષ પણ પાઠવ્યા હતા.